# હોસ્પિટલના અંદરના દર્દી તરીકે માનસિક વિકૃતિ માટે સારવાર કરાતી હોય તે વ્યકિતને અટકાયતમાં રાખવાની નર્સની સત્તા.

(1983ના માનસિક આોગ્ય અધિનિયમની કલમ 5(4))

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિતનું નામ | |
| 3. તમને અહીં સંભાળ રાખનાર નર્સનું નામ | |

## શા માટે હું આ હોસ્પિટલ ન છોડી શકું?

તમને 1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 5(4) હેઠળ હોસ્પિટલમાં રાખ્યાં છે. આ કાનૂની સત્તા છે, જે તમને તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિત, કે તેમની ડેપ્યુટી, તમને જોવામાં આવે  નહીં ત્યાં સુધી તમને હોસ્પિટલમાં રાખવાની નર્સને છૂટ આપે છે. નર્સ માને છે કે તમે માનસિક વિકૃતિ ધરાવો છો અને હોસ્પિટલ છોડી જવા જેટલા સારા નથી.

“ડેપ્યુટી” એટલે એવી વ્યકિત કે, તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિત બીજે કયાંક હોય ત્યારે નિર્ણય લઈ શકે.

## મને અહીં કેટલો વખત રાખવામાં આવશે?

અહીં તમને છ કલાક સુધી અથવા તમારી સારવારનો હવાલો સંભાળનાર કે તેમના ડેપ્યુટી તમને હોસ્પિટલ છોડી જવાનું ન કહે ત્યાં સુધી તમારે હોસ્પિટલમાં રહેવું પડશે. તમે જવાનો પ્રયત્ન કરશો તો સ્ટાફ તમને અટકાવી શકશે, અને તમે છોડી જાવ, તો તમને પાછા લાવી શકાશે.

તમારા કેસમાં છ કલાક નીચે પ્રમાણે સમાપ્ત થાય છે:

| તારીખ | સમય |
|---|---|
| | |

આ સમય સુધીમાં તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિત કે તેમના ડેપ્યુટીએ તમને તપાસ્યા ન હોય, તો તમે છોડી જવા સ્વતંત્ર રહેશો. પરંતુ તમે છોડી જવાનું નક્કી કરો, તો પછી પ્રથમ નર્સ કે સ્ટાફના સભ્ય સાથે વાત કરવા વિનંતી.

## મને અહીં રાખવામાં આવે તે દરમિયાન તો શું થશે?

હોસ્પિટલના સ્ટાફને તમારા માટે કોઈ સારવાર જરૂરી લાગે તો તમને જણાવશે તમે ઈચ્છતા ન હોય તેવી કોઈપણ સારવારનો ઈન્કાર કરવાનો તમને અધિકાર છે. માત્ર ખાસ સંજોગોમાં, જે તમને સમજાવવામાં આવશે, તમે સહમત ન હોય તેવી સારવાર તમને આપી શકાશે.

## પછી શું થશે?

તમારી સારવારનો હવાલો સંભાળનાર, અથવા તેમના ડેપ્યુટી હોસ્પિટલમાં લાંબો સમય રહેવાની તમને જરૂર હોવા અંગેનો નિર્ણય લઈ શકશે. તમે સ્વૈચ્છિક રીતે રોકાવાનો નિર્ણય કરી શકો.

તેમ છતાં તમે હોસ્પિટલમાં રહેવા ન માગો, અને તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિત, કે તેમના ડેપ્યુટી માને કે તમે હોસ્પિટલ ન છોડી શકો તેટલા બિમાર છો, તો તેઓ તમને માનસિક આરોગ્ય અધિનિયમની બીજી કલમ હેઠળ અહીં રાખવાનું જરૂરી ગણી શકે. તેઓ તમને કહેશે કે તમને શા માટે અને કેટલો સમય અહીં રાખવા, અને તમને બીજી પત્રિકા આપવામાં આવશે જેમાં હવે પછી શું થશે તે અંગે સમજાવે છે.

તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિત, કે તેમના ડેપ્યુટી નક્કી કરે કે તમારે રોકાવાની જરૂર નથી, તો તેઓ અથવા સ્ટાફના અન્ય સભ્ય, તમને બીજી કઈ મદદ કરવી જોઈએ તે અંગે તમારી સાથે વાત કરશે.

## શું હું અપીલ કરી શકું?

ના. તમે હવે હોસ્પિટલમાં રોકાવાની જરૂર હોવા અંગે સહમત ન હોવ તો પણ, તમે કલમ 5(4) હેઠળ  અહીં તમને રાખવાના નિર્ણય સામે અપીલ કરી શકશો નહીં.

## તમારા સૌથી નજદીકના સંબંધીને જાણ કરવી

માનસિક આરોગ્ય અધિનિયમ જેને તમારા સૌથી નજીકના સંબંધી કહે તે વ્યકિતને આ પત્રિકાની નકલ આપશે.

માનસિક આરોગ્ય અધિનિયમમાં લોકોની યાદી હોય છે, જેઓને તમારા સંબંધીઓ તરીકે ગણવામાં આવે છે. સામાન્ય રીતે, તે યાદીમાં જે વ્યકિત સૌથી અગ્રિમ આવે તે તમારા સૌથી નજદીકના સંબંધી છે. હોસ્પિટલ સ્ટાફ તમને પત્રિકા આપશે, જે આ અંગે તથા તમારી સંભાળ અને સારવાર સંબંધમાં તમારા સૌથી નજીકના સંબંધીને કયા હકો છે તે અંગે આમાં સમજાવ્યું છે.

તમારા કેસમાં, અમને કહેવામાં આવ્યું છે કે તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે:

| |
|---|
| |

તમે આ વ્યકિતને પત્રિકાની નકલ ન અપાય તેમ ઈચ્છો, તો તમારી નર્સ કે સ્ટાફના બીજા સભ્યને તેની જાણ કરવા વિનંતી.

## તમારા સૌથી નજદીકના સંબંધી બદલવા

તમને ન લાગતું હોય કે આ વ્યકિત તમારી સૌથી નજદીકની યોગ્ય સંબંધી છે, તો તમે તેના બદલે બીજી કોઈ વ્યકિતને તમારી સૌથી નજદીકની સંબંધી તરીકે ગણવા કાઉન્ટી કોર્ટને અરજી કરી શકો. હોસ્પિટલ સ્ટાફ, આ બાબત સમજાવતી પત્રિકા તમને આપી શકશે.

## તમારા પત્રો

તમે હોસ્પિટલમાં હોવ તે દરમિયાન તમને મોકલેલા બધા પત્રો તમને આપવામાં આવશે. જેમણે તમારા પત્રો લેવા માગતા નથી એમ જણાવ્યું હોય તે સિવાય તમે કોઈને પણ પત્રો મોકલી શકશો. હોસ્પિટલ સ્ટાફ આ લોકોને પત્રો મોકલવાનું અટકાવી શકશે.

## હું કેવી રીતે ફરિયાદ કરું?

તમે, હોસ્પિટલમાં તમારી સંભાળ અને સારવાર બાબત કોઈપણ કરવા ફરિયાદ કરવા માગો, તો સ્ટાફના સભ્ય સાથે વાત કરવા વિનંતી. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ તમને હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ વિષે પણ માહિતી આપી શકશે, અને તમે સ્થાનિક ઠરાવ કહેવામાં આવે છે તેની મારફત તમારી ફરિયાદનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવા તમે તેનો ઉપયોગ કરી શકશો. તેઓ ફરિયાદ કરવામાં તમને મદદ કરી શકે તેવા બીજા કોઈ લોકો અંગે પણ તમને જણાવી શકશે.

તમને લાગે કે હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ તમને મદદ કરી શકશે નહીં, તો તમે સ્વતંત્ર કમિશનને ફરિયાદ કરી શકો. કમિશન, માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ કરાય છે, તેનો સાચી રીતે ઉપયોગ કરાય તેની ખાતરી કરવા અને દર્દીઓ હોસ્પિટલમાં હોય તે દરમિયાન યોગ્ય સંભાળ રાખવામાં આવે તેના પર દેખરેખ રાખે છે. કમિશનનો કેવી રીતે સંપર્ક કરવો તે સમજાવતી પત્રિકા, હોસ્પિટલ સ્ટાફ તમને આપી શકશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા, માનસિક આરોગ્ય અધિનિયમ અંગે હોસ્પિટલના સ્ટાફને અને માનસિક વિકૃતિ માટે સારવાર કરનાર લોકોને સલાહ આપે છે. સ્ટાફ તમારી સંભાળ અંગે નિર્ણયો લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તેને સ્ટાફે વિચારણામાં લેવાની રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## વધુ મદદ અને માહિતી

તમને તમારી સંભાળ અને સારવાર અંગેની કોઈ વસ્તુ ન સમજાતી હોય, તો સ્ટાફનો સભ્ય તમને મદદ કરવા પ્રયત્ન કરશે. આ પત્રિકામાં તમને ન સમજાય તેવી કોઈ વસ્તુ હોય, અથવા આ પત્રિકામાં જેનો જવાબ ન હોય તેવા બીજા કોઈ પ્રશ્નો તમને હોય તો તે સમજાવવા સ્ટાફના સભ્યને કહેવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવ્વા વિનંતી.